**અમદાવાદ (રુરલ) નાં મે. ૬ઠ્ઠા જ્યુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**ફોજદારી કેસ.૬૫૮૪/૨૦૧૭**

**આંક:**

ફરીયાદી :– શ્રી સરકાર

વિ.

આરોપી :– સુરેશભાઈ પ્રહલાદભાઈ ઠાકોર

---

**ગુનો:– ગુજરાત નશાબંધી ધારાની કલમ :૬૬(૧) બી તથા બી.પી.એકટ–૧૧૦,૧૧૭ વિગેરે**

---

**<u>ચુ કા દો</u>**

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ: ૬૬ (૧) બી તથા બી.પી.એકટ–૧૧૦,૧૧૭ વિગેરે મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે.

આજરોજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે રાષ્ટ્રીય લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

૩. આરોપી વિરુધ્ધ ચાર્જફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૪. આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી તેમા એવી હકિકત જાહેર કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે.અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી ,અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારું તેમજ અમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતીમાં ન હોવાથી અને તનાવમાં ગુનો થઈ ગયેલ. અમોએ દારુ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી , અસભ્ય વર્તન કરેલ નથી. અશિસત ભાષા વાપરેલ નથી કે મારા–મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટના કોલમ નં.૫ માં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારુ પીધેલ હાલતમાં છટકો બની લથડીયા ખાતો મળી આવ્યા માત્રનો આક્ષેપ છે અમારી આર્થિક પરિસ્થિતી સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર આવવાની જરુર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની

કાર્યવાહીમા સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી વિનમ્ર માંફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

૪.૧ આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

૫. તમામ રેકર્ડ ઉપરની હકીકત લક્ષ્માં લેતાં વગર પાસ પરમીટે દારુ પી છાટકો બની લથડીયા ખાતો હોવા સંદર્ભેનો આક્ષેપ છે. આરોપી વિરુધ્ધ ફરીયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે , દારુ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરી , ઝઘડો કરી, અસભ્ય વર્તન કરી, અશિસ્ત ભાષા વાપરી કે મારા મારી કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી ડોકટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવેલ ત્યારે આરોપીને સજા થાય વર્તમાન કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતાં કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી. આરોપીનો સમય ફરીયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુન્હાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકિકતો અને તમામ પરિસ્થિતીઓને ઘ્યાને લઈ તેમજ નામદાર ગુજરાત વડી અદાલતે **ગુજરાત સરકાર વિરૂઘ્ઘ નટવર હીરાચંન્દજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ઘાંત ઘ્યાને લઈ નકકી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરું છું.

હુ ક મ

ક્રિ.પ્રો.કો.કલમ: ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી પ્રોહી એકટની કલમ :૬૬(૧) બી તથા બી.પી.એકટ–૧૧૦,૧૧૭ વગેરે મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા **રૂા. ૫૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરા**નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન : ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આં હુકમ આજરોજ તા. ૦૮ મી માહે. ડીસેમ્બર ૨૦૧૮ ના રોજ જાહેર કર્યો.

તા.૦૮/૧૨/૨૦૧૮
અમદાવાદ

(ટી.એ.ભાડજા)
છઠ્ઠા એડી.જયુ.મેજી.ફ.ક. જજ,
અમદાવાદ ગ્રામ્ય
યુ.આઈ.સી.કોડ નં.૦૧૩૯૯